ડીસાના રિજમેન્ટમાં આરોગ્ય વિભાગનો આકસ્મિક દરોડો

તપાસના પગલે મુન્નાભાઈ એમ.બી.બી.એસ. રફુચક્કર

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં ઉઘડપગા ડોકટરો પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની ઉઠેલી ફરિયાદોને વિભાગને પણ ગુમરાહ કરી રહ્યા છે. શહેરી વિસ્તારમાં પણ આવા બોગસ ડોકટરો મોતની હાટડીઓ ખોલી બેઠા છે. ત્યારે ડીસાના રિજમેન્ટ વિસ્તારમાં પણ સંજય કાપડીયાને ત્યાં આકસ્મીક તપાસ હાથ ધરી હતી. જો કે તે પહેલાં જ આ મુન્નાભાઈ પોતાની હાટડી બંધ કરી ફરાર થઈ ગયો હતો. પરંતુ તે કસૂરવાર હોવાનું

પગલે તાલુકા આરોગ્ય અધિકારીએ ટીમ સાથે રિજમેન્ટ વિસ્તારમાં અચાનક દરોડો પાડતાં એમ.બી.બી.એસ.નું બોર્ડ લગાવી બિન અધિકૃત પ્રેક્ટિસ કરતો બોગસ ડોકટર ફરાર થઈ ગયો હતો.

સમગ્ર બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉઘાડપગા બોગસ ડોકટરોનો રાફડો ફાટ્યો છે. જિલ્લાની ગરીબ અને ભોળી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા આ મુન્નાભાઈઓ તબીબી સારવારના નામે આરોગ્ય આવા એક મુન્નાભાઈ સારવારના નામે હાટડી ખોલી બેઠા હોવાની માહિતી એક જાગૃત નાગરિક દ્વારા થયેલ. જે રજુઆતને ગંભીરતાથી લઈ ગઈકાલે બુધવારે ડીસા તાલુકા આરોગ્ય અધિકારી જીજ્ઞેશ હરિયાણી તેમની ટીમના આર.બી.એસ.કે. ડૉ. ગઢવી એમ.ઓ., નિરંજનભાઈ ટી.એમ.પી.એચ.એસ. અને ભગવતીબેન કાપડિયા, તાલુકા હેલ્થ વિઝીટર સાથે રિજમેન્ટ વિસ્તારમાં એમ.બી.બી.એસ.નું બોર્ડ લગાવી બિન અધિકૃત પ્રેક્ટિસ કરતા ડો. પુરવાર થતા ટીમે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા તાલુકા આરોગ્ય વિભાગની આ કાર્યવાહીથી બોગસ ડોકટરો ફફડી ઉઠ્યા છે, તેથી પ્રજાએ પણ રાહત અનુભવી છે. પરંતુ હજુ પણ ડીસા સહિત આજુબાજુના ગામોમાં અનેક બોગસ ડોકટરો જન આરોગ્ય ખુલ્લેઆમ જોખમાવી રહ્યા છે. તેમની ખોટી દવાઓથી કેસ બગડવાના બનાવો પણ બને છે ત્યારે તેમની સામેની આ તવાઈ ચાલુ રહે તેવો સુર આમ પ્રજામાંથી પણ ઉઠવા પામ્યો છે.

અરવલ્લી જિલ્લાની શ્રીનાથ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી મોડાસાએ સતત બીજા વર્ષે પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લા રાજ્ય સહકારી સંઘ દ્વારા સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં ઉત્કર્ષ કામ કરતી શરાફી સહકારી મંડળીઓ માટે શિલ્ડ હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં સતત બીજા વર્ષે શ્રીનાથ કો. ઓપ. ક્રેડિટ સોસાયટી લિમિટેડ, મોડાસા પ્રથમ નંબર આવતા સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરડેરી હિંમતનગરના ચેરમેન શામળભાઈ પટેલ, અમદાવાદના ઉદ્યોગપતિ મહાસુખભાઈ પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર મકવાણા, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના હસ્તે મંડળીના ચેરમેન સુરેન્દ્રભાઈ જે. શાહને સિલ્ડ તથા શાલથી બહુમાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંડળીના મેનેજિંગ ડિરેક્ટર પરેશભાઈ બી. મહેતા તથા વીરેનભાઈ શાહ તથા વા. ચેરમેન ડૉ. મુકેશભાઈ આર. શાહ, મેનેજર, પ્રકાશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અરલ્લી જિલ્લા સહકારી આગેવાનો તથા બેંકોના પ્રતિનિધિ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઈન્ડોનેશિયામાં મિસ ઇન્ટરનેશનલ ઇન્ડિયા સ્પર્ધા-૨૦૧૯માં ગુજ્જુ ગર્લ

કેયા વાજા ફર્સ્ટ રનર-અપ ભિલોડામાં ભવ્ય સ્વાગત

અરવલ્લી જિલ્લાની દીકરીઓ અનેક ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ડંકો વગાડી રહી છે. જીલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તાર એવા ભિલોડાના ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા અને વીર શહીદ અર્જુનસિંહ ગામેતીના સ્મારકને ફુલહાર અર્પણ કર્યો હતો.

માકરોડા ગામની કેયા વાજા મિસ ઈન્ડિયા-૨૦૧૯ સ્પર્ધામાં બેસ્ટ વોક અને બેસ્ટ કોન્ફિડન્સ ક્ષેત્રે અદભુત પ્રદર્શન કરતા એવોર્ડ પ્રાપ્ત કર્યા પછી ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલ મિસ ઈન્ટરનેશનલ સ્પર્ધા-૨૦૧૯માં ગુજરાત રાજ્યને રિપ્રેઝન્ટ કરી સહેજ માટે ઈન્ડિયા મિસ ઈન્ટરનેશનલનો ખિતાબ ચુકી જતા ફર્સ્ટ ફર્સ્ટ રનર-અપ બની હતી. મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયામાં ફર્સ્ટ રનર અપ બની ગુજ્જુ ગર્લ્સે સમગ્ર દેશમાં નામ રોશન કર્યું હતું. કેયા વાજાંની મોડલિંગ ક્ષેત્રે સિદ્ધિથી તેના માદરે વતન ભિલોડામાં ઉજવણીના માહોલ સાથે કેયા વાજાનું ભવ્યતાભવ્ય સ્વાગત અને રેલી યોજી આવકારવામાં આવી હતી.

૧૮ નવેમ્બરે ઇન્ડોનેશિયા ખાતે યોજાયેલ મિસ ઇન્ટરનેશનલ

ઈન્ડિયા સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી ૨૫ મોડેલ્સે ભાગ લીધો હતો જેમાં કેયા વાજા ફર્સ્ટ રનર અપ બની હતી. ઈન્ડોનેશિયાથી પરત ફરેલ કેયા વાજાનું ભિલોડા ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ અને ત્રિરંગા સાથે નગરમાં રેલી યોજી હતી. કેયા વાજાને આવકારવા મોટી સંખ્યામાં ભિલોડાના અગ્રણીઓ, નગરજનો અને આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. કેયા વાજાએ

કેયા વાજાના જણાવ્યા અનુસાર ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલ મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયા-૨૦૧૯ માં સમગ્ર દેશમાંથી ૨૫ મોડલિંગ ક્ષેત્રે સંકળાયેલી મોડલ્સે ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઈન્ટરવ્યૂ રાઉન્ડ, ટેલેન્ટ રાઉન્ડ, નેશનલ કોસ્ચ્યુમ, બિકની રાઉન્ડ, અને પ્રશ્નોત્તરીનો રાઉન્ડ યોજાયો હતો. સમગ્ર રાઉન્ડ પછી સહેજ માટે મિસ ઈન્ટરનૅશનલ ઈન્ડિયાનો તાજ ચુકી ગઈ હતી. ફર્સ્ટ રનર-અપ બનતા મારુ સ્વપ્ન પૂરું થયું હોવાનું જણાવી મિસ વર્લ્ડમાં ભારતનું પ્રતિનિધત્વ કરવા તૈયારીઓ શરુ કરશે અને સેવાકીય કર્યો તથા દેશની દીકરીઓને તેમની પ્રતિભા બહાર લાવવા માટે બનતા પ્રયત્નો કરશે અને આદિવાસી સમાજની દીકરીઓને પ્રોત્સાહિત કરવાનો નીર્ધાર વ્યક્ત કર્યો હતો. તેના પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો સાથે ભિલોડાના સહીત આજુબાજુના ગ્રામજનો અને આદિવાસી સમાજના લોકોએ રેલી યોજાતા ગદગદિત બની હતી.

કેયા વાજાએ મોડલિંગ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા અને પોતાની સુંદરતા નીખારવા તેણીએ અનેક ચઢાવો ચડ્યા પછી મીસ ઈન્ડીયાનુ મુકામ સુધી પણ પહોચી ગઈ હતી. મીસ ઈન્ડીયાના ખિતાબથી દુર રહી હતી. ઈન્ડોનેશિયામાં મીસ ઈન્ડીયા ઈન્ટરનેશનલ-૨૦૧૯માં ભાગ લીધો હતો જેમાં ફર્સ્ટ રનર-અપ બની હતી.

પ્રાંતિજ ખાતે આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ તાલુકા પંચાયતના વિશાળ હોલમાં સંકલિત બાળ

સુરક્ષા યોજના(આઈસીપીસી) અંતર્ગત પ્રાંતિજ તાલુકા ખાતે તા. ૨૦-૧૧-૨૦૧૯ના રોજ આંતરરાષ્ટ્રીય બાળ દિન કાર્યક્રમની ઉજવણી નિમિતે પ્રાંતિજ અને તલોદ તાલુકાના કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો અને તેઓના પાલક વાલી સાથે મોટીવેશન કાર્યશાળા યોજવામાં આવેલ. જેમાં ''કિશોરાવસ્થામાં વૃદ્ધિ-વિકાસ માટે સંતુલીત આહાર'', બાળ માનસ અને બાળ વૃદ્ધિ-વિકાસ તેમજ જીવન કૌશલ્ય ઘડતર, બાળકોના અધિકારો, બાળકોની વિવિધ યોજનાઓ અને જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫ તેમજ પોકસો એકટ-૨૦૧૨ અંગે વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવેલ. આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સાબરકાંઠા મહિલા અને બાળ કલ્યાણ અધિકારી દિપેન પંડયા , સાબરકાંઠા પ્રોબેશન ઓફિસર જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અધિકારી વી.બી. ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ તથા પ્રાંતિજ તેમજ જિલ્લા બાળ સુરક્ષા સાબરકાંઠા સ્ટાફ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં ૫૬૦૦ હેક્ટરમાં શિયાળુ પાકનુ વાવેતર

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં પાછોતરા વરસાદને કારણે હજુ મોટાભાગના ખેડૂતો ચોમાસુ પાકની કામગીરીમાંથી પરવાર્યા નથી. બીજી તરફ શિયાળાની ધીમી શરૂઆત થઈ ચુકી છે. તા. ૨૦ નવેમ્બર સુધીમાં જિલ્લામાં અંદાજે વિવિધ શિયાળુ પાકોનું અંદાજે ૫૬૦૦ હેક્ટરમાં વાવેતર થયું છે. જોકે ઋતુચક્રમાં આવેલા ફેરફારને કારણે આ વર્ષે ઘઉંનું વાવેતર ગત વર્ષ કરતા મોડુ શરૂ થવાની શક્યતા છે. હજુ તો ખેડૂતોએ ચોમાસુ પાકની કાપણી અને લણણી કર્યા બાદ ખેતરો પણ ખેડવાનુ શરૂ કર્યુ નથી. ઓછામાં પુરૂ બજારમાં ઘઉંના બિયારણની અછતની બુમો શરૂ થઈ ગઈ છે. આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં પાછોતરા વરસાદે ખેડૂતોની હાલત એટલી કફોડી કરી નાંખી છે કે ન પુછો વાત. પાછોતરા વરસાદને કારણે ખેડૂતોએ વાવેતર કરેલ ડાંગરનો પાકનો સોથ વળી ગયો હતો. જેના લીધે ડાંગરનું ઘાસ પણ ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિ નથી. તો બીજી તરફ છેલ્લા કેટલાક દિવસોથી શીયાળાનું સાબરકાંઠા જિલ્લામાં ધીમા પગલે આગમન થઈ ચુક્યું છે. જેને લઈને દિવસે ગરમી અને રાત્રી ઠંડીનો અહેસાસ થવા માંડ્યો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને પાછોતરા વરસાદને કારણે નુકસાન સાથે થોડોક ફાયદો જરૂર થયો છે. આ પછોતરા વરસાદને કારણે જમીનમાં પાણીના તળ ઉપર આવ્યાં છે. જેને લઈને જિલ્લાના પ્રાંતિજ, તલોદ, હિંમતનગર, ઈડર અને વડાલી પંથકમાં જે બોરકૂવાઓ બંધ થઈ ગયા હતા તે ફરીથી ચાલુ થઈ ગયા છે. ખેડૂતોએ બોરકુવા શરૂ થવાને કારણે તથા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શિયાળુ પાક માટે પાણીના સ્ત્રોત ગણાતા ધરોઈ, હાથમતી અને ગુહાઈ ડેમમાં સંતોષકારક પાણીનો જથ્થો ઉપલબ્ધ થતા સિંચાઈ વિભાગ ખેડૂતોને શિયાળુ પાક માટે પાંચ કે છ પાણી આપવાનો નિર્ણય કર્યો છે જેને લઈને હાથમતી કેનાલમાં પ્રથમ પાણી છોડવા માટે સિંચાઈ વિભાગે આયોજન કરી દીધુ છે.

ખેતીવાડી વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં ઘઉંનું વાવેતર ૧૬૬૧ હેક્ટરમાં થયુ છે. મકાઈનું વાવેતર ૫૪૦ હેક્ટરમાં જ્યારે ચણાનું વાવેતર ૪૮૧ હેક્ટરમાં થઈ ચુક્યું છે. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, હિંમતનગર, ઈડર અને વડાલી તાલુકામાં અત્યાર સુધીમાં અંદાજે ૯૦૩ હેક્ટરમાં બટાકાનું વાવેતર થઈ ચુક્યું છે. જોકે ખેડૂતોનું માનીએ તો બટાકાની ખેતી અન્ય પાકો કરતા ખુબજ મોંઘી પડે છે. એક અંદાજ મુજબ એક એકર જમીનમાં બટાકાનું વાવેતર કરવું હોય તો તેના માટે ખેડૂતને અંદાજે રૂ. ૨૫ હજારથી વધુનો ખર્ચ થાય છે. આ પાકને લઈને ખેડૂતને કોઈ ઘાસચારાની આવક થતી નથી. તેમ છતાં મોટાભાગના ખેડૂતોએ ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી હોવાને કારણે તેઓ બટાકાનું વાવેતર કરવામાં રસ અને રૂચિ વધુ દાખવે છે.



વડગામ ભાજપના અગ્રણીઓ દ્વારા ભાજપના પ્રદેશ મહામંત્રી કે. સી. પટેલની શુભેચ્છા મુલાકાત

વડગામ ભાજપના અગ્રણી અને પુર્વ જિલ્લા પંચાયત ના સદસ્ય બાલકૃષ્ણ જીરાલા અને ગુજરાત સરપંચ પરીષદ, બનાસકાંઠા જિલ્લા મહામંત્રી રાકેશ પ્રજાપતિ (મેપડા-બાદરપુરા) ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ગાંધીનગર કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

હોબાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમે બહાલી આપજો તેમ કહ્યુ હતુ. બોલાવો નાયબ મ્યુ. કમિશનરને સાચુ કરાવીએ. તમારા આંતરિક વિખવાદોમાં શહેરનું ભલુ કરવાનુ તમે ભૂલી ગયા છો. શરમ કરો. અમને બંધ બારણે બોલાવી ખોટી રીતે ગેરરસ્તે દોરવાનો પ્રયાસ થયો છે. રાયકાએ જણાવ્યુ કે ભરતી કૌભાંડની તટસ્થ તપાસ થવી જ જોઈએ અને અમે આજે પણ એ મુદ્દે મક્કમ છીએ કે દોષિતોને સજા થવી જોઈએ. તેઓ વધુ કંઈ બોલે અને માંગ કરે તે પહેલાં જ મેયરે તેમની રાજકીય વ્યુહરચના ખુલ્લી થઈ જતાં સભા સમાપ્તીની જાહેરાત કરી દીધી હતી. જો કે તેઓ ઉભા થઈને તેમની ઓફિસમાં જતા હતા ત્યારે જ પ્રેક્ષક દીર્ઘા અને કાઉન્સીલરોમાં ભાજપના વ્યુહરચનાકારો અને ડી.એમ.સી.ના આવી રાજકીય દખલગીરીની ભૂમિકા અંગે ગણગણાટ સાંભળવા મળ્યો હતો. આજે સામાન્ય સભામાં નાયબ મ્યુનિ. કમિશનર જ હાજર રહ્યા ન હતા તેની પણ નોંધ સૌ કાઉન્સીલરોએ લીધી હતી.

એનઆરસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, કેટલાક પાંચ છ ધર્મના લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. મુસ્લિમોના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. અમિત શાહે એ વખતે એમ પણ કહ્યું હતું કે, આ તમામ ધર્મના લોકોને નાગરિકતા મળશે. ગેરકાયદે રહેનાર લોકોને પણ નાગરિકતા મળશે. આના કારણે મુસ્લિમોની અંદર બિનસુરક્ષાની ભાવના આવી ગઈ છે. નાગરિકતા બિલ અને એનઆરસી અલગ અલગ પ્રક્રિયા તરીકે છે. આના જવાબમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે, હિન્દુ, બૌદ્ધ, શીખ, જૈન, ખ્રિસ્તી, પારસી શરણાર્થીઓને નાગરિકતા મળશે.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

કે આ ગાડાંનો ભાર હું તાણું છું. ''હું કરું, હું કરું'' એવું કહેવાની ટેવ તો મનુષ્યને જ છે. છતાં '' નિંદા ન કરે જેહની રે '' એમ ગાનાર નરસિંહ મહેતા જેવા સજ્જન વૈષ્ણવે બિચારા કૂતરા માટે કેવું લખી કાઢ્યું? પાછો જે માણસ આવું બધે કહેતો ફરતો હોય એના માટે એમ કહેવાય છે કે ''કૂતરાની જેમ કેમ ભસ્યા કરે છે ?'' કોઈ કૂતરાઓ સામસામા લડતી વેળા સામેવાળા કૂતરાને ક્યાંય માણસ સાથે સરખાવે છે ? તો પછી માણસ આવું કેમ કરતો હશે ? જાહેર સભામાં સામા પક્ષવાળાને ભાંડતા આપણા નેતાઓ ભસાભસ નથી કરતા તો બીજું શું કરે છે ? અને એ સાંભળીને લોકો પાછા સમજે કે ના સમજે પણ હસાહસ કરે છે.

ગાંડી વાતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચ-૨ અને ચ-૩ પાસે વારંવાર પાણીની લાઈન તુટી જાય છે તંત્ર સાંભળતુ નથી. સફાઈની સેવા આપણી પાસે છે તો તેમાંય ભલીવાર આવતો નથી. માર્ગ-મકાન વિભાગ કોઈ વાત આપણી કેમ સાંભળતુ નથી. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાની વાતો પણ હવે સંતાઈ ગઈ છે.

ઉભરાતી ગટરોની સમસ્યાએ તો માઝા મુકી છે. તંત્રમાં કોઈ સાંભળે નહિ અને પ્રજા આપણી પાસે ધક્કા ખાય છે. ભગવાન ખાતર પણ કંઈક કરો.

મેયર રીટાબેન પટેલે ચર્ચામાં દરમ્યાનગીરી કરતાં કહ્યું હતું કે અમારા પ્રયાસો થકી બધી જ ગટરલાઈનોના પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ ગયા છે. સરકારમાં પણ અમે જ રજુઆત કરી છે. હું તમને કહુ કે આ પ્રશ્ન અંગે અમે આજે સાંજે જ મારી ચેમ્બરમાં અધિકારીઓનો સમય મળતાં બેઠકનું આયોજન કર્યુ છે. જુની પુરાણી લાઈનો છે પણ તમને કહુ કે ૧૦૦ વર્ષ ચાલે તેવી મજબુત અને ટકાઉ ગટર લાઈન નાખી અમે શહેરને ઝડપથી આ સમસ્યામાંથી મુક્ત કરીશુ.

મ્યુનિ. કમિશનરશ્રીએ પણ કાર્યવાહી ગતિમાં હોવાનુ કહી મેયરના સૂરમાં સૂર પૂરાવ્યો હતો.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ચર્ચામાં ભાગ લેતાં કહ્યુ કે અમે આ મુદ્દે સતત રજુઆત કરી રહ્યા છીએ અને તમે જશ ખાટી ખોટી વાત રજુ ના કરશો. તેમણે કહ્યુ કે અમે ત્રણ મહિના પહેલા પાણીની શુદ્ધતાનો મુદ્દો ઉઠાવ્યો હતો ત્યારે તમે કહેતા હતા કે પાણી પીવાલાયક છે આજે તમારી જ કેન્દ્ર સરકારે કહ્યું છે કે આ પાણી ખતરારૂપ છે. કોણ સાચુ તમે કે તમારી કેન્દ્ર સરકારની એજન્સી ?

બિહોલાએ જણાવ્યુ હતુ કે ગટરના મુદ્દે પણ અમે રજુઆત કરી એટલે તમે હરકતમાં આવ્યા છો એટલુ જ નહિ ઉતાવળા બન્યા છો. કોંગ્રેસે પ્રજા કલ્યાણને હંમેશા અગ્રતા આપી છે અને આપતી રહેશે.

વિપક્ષી નેતાએ કહ્યુ કે વોટર એ.ટી.એમ.ની મોટી મોટી વાત કરી આજે એક પણ વોટર એ.ટી.એમ. કાર્યરત નથી. લોકોને સ્માર્ટસીટીની વાતોમાં રસ નથી સ્માર્ટ વહીવટ આપો તો સારૂ છે.

અક્ષરધામ પાસે આજીવિકા રળતા લારીવાળાને તંત્ર દબાણના મુદ્દે ખદેડી મુકે પણ કોઈપણ મંજૂરી વગર ત્યાં વૉટર એ.ટી.એમ. ઉભુ કરાય. આવુ નહિ દબાણ અંગે પણ સ્પષ્ટ અને પારદર્શક નીતિ બનાવો અને અમલ કરો. દબાણ દૂર કરવાની વાત આવે એટલે સે. ૨૪માં જવાનુ અને ગરીબોને દબાણોના નામે હેરાન કરવાના. કેમ સે. ૧, ૨, ૩, ૪, ૭ અને ૮માં દબાણો દૂર કરવા નથી જતા.

વિપક્ષી નેતાના આક્ષેપોના મારા વચ્ચે પુનઃ દરમ્યાનગીરી કરતાં મેયરે કહ્યું કે મારી સોસાયટીના જ દબાણો મેં જાતે રહીને દૂર કરાવ્યા છે તમે એવુ ના કહો કે વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવે છે.

આ વાત સાંભળતા જ કોંગીના અંકિત બારોટે કહ્યુ કે તમારી સોસાયટીને સ્વચ્છ બનાવવા અને અમારા સેક્ટરમાં ઝુંપડા ઉભા કરવામાં તમારો જ ફાળો છે. આ ગરીબો માટે કેમ કોઈ નીતિ નથી બનાવી. ત્યારે મેયરે અંકિત બારોટને ટપારી કહ્યુ હતુ કે તમે ખોટી ખોટી વાતો ના કરશો તમને ખબર જ નથી. દબાણો માટે તંત્ર નિષ્પક્ષ કામગીરી કરી રહ્યું છે.

આ પછી કોંગીના જીતુ રાયકાએ ઉભા થઈ મેયર અને તંત્રને આડે હાથ લીધા હતા. તેમણે કહ્યુ કે અમારી આક્રમકતા અને જાગૃતતા એ જ તમને કંઠોળ્યા છે. ગટરોના પ્રશ્નો હોય કે પછી પાણીના પ્રશ્ને અમે જે રજુઆતો કરી છે તે આજની નથી પહેલેથી કરતા આવ્યા છીએ.

બીજુ ૧૦૦ વર્ષ ચાલે તેવી ગટરલાઈનની વાત કહી સપના બતાવવાનું બંધ કરો, હદ થાય છે તમારા જુઠાણા સાંભળી કાન થાક્યા છે. તમે આજે બેઠક બોલાવી છે અમે ક્યારે રજુઆત કરી તે જોઈ લેજો. બીજુ આજની બેઠકમાં તમને યાદ રહે તે માટે સે. ૩, ૪, ૫, ૬, ૮, ફતેપુરા, ગોકુલપુરા, ઈન્દ્રોડા, પાલજ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ગટરલાઈનો ઉભરાઈ રહી છે. તેની દુરસ્તીની વાત કરો બીજુ તમે ગોવા પેટર્ન ગટર વ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો છે ત્યારે મારે કહેવુ છે કે ટેકનીકલ રિપોર્ટ ક્યારે આવ્યો ? કોણે આદેશ કર્યો? કયા અધિકારીઓની ટીમ ગઈ હતી તેમાં કોણ ટેકનીકલી ક્વોલીફાય હતા સરકારમાં કયા હોદ્દા પર કેટલા વર્ષથી આ ટેકનીકલ જગ્યા પર સેવા આપે છે.

હોસ્ટેલ ચલાવતા લોકોને દંડવા નીકળ્યા હતા તો સે. ૫, ૬, ૭માં ભાજપના આગેવાનો અને અધિકારીઓ જે હોસ્ટેલો ચલાવી રહ્યા છે ત્યાં કેમ તંત્ર ત્રાટકતુ નથી. ૧૦ હજાર ચો.મી. જગ્યા માટે રજુઆત કરી છે તેવુ કહો છો પણ મનપાની કચેરી માટે તો સરકાર પાસેથી જગ્યા મેળવો. સરકાર કોઈને જગ્યા ફાળવતી નથી. સરકારની નીતિને જાણો પછી બધી વાતો કરો તો સારૂ લાગશે.

સરકાર બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિરોધી કોંગ્રેસ-એનસીપીની સાથે જઈ બેસી ગયું હતું. જોકે એનસીપી અને કોંગ્રેસે અત્યાર સુધી પોતાના પત્તા ખોલ્યા નહોતા. બંને વચ્ચે બેઠકોનો ધધમાટ ચાલી રહ્યો છે. જ્યારે શિવસેનાએ ઉતાવળમાં આવીને ભાજપ સાથે ગઠબંધન તોડી નાખ્યું હતું. પરંતુ આ ઘટનાક્રમ વચ્ચે એનસીપી ચીફ શરદ પવાર વધુ એકવાર કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને મળ્યાં હતાં. શરદ પવારને મળ્યા પહેલા કોંગ્રેસ શિવસેનાને સમર્થન આપવાને લઈને રાજી થઈ હોવાનું સામે આવ્યું છે. જોકે બંને વચ્ચે શું ફોર્મ્યુલા રચાઈ તેને લઈને કોઈ જ સ્પષ્ટતા થઈ શકી નથી. તો શિવસેનાને સમર્થન આપવાના બદલામાં કોંગ્રેસ તરફથી શું માંગણી કરવામાં આવી તેને લઈને પણ કોઈ સ્પષ્ટ વાત સામે આવી શકી નથી.

અધ્યક્ષને પત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી દેવામાં આવી છે. કોઈએ આ નિર્ણય જાણી જોઈને શિવસેનાને નુકસાન કરવાના હેતુસર કર્યો છે. શિવસેનાને અપમાનિત કરવાના હેતુસર કરવામાં આવ્યો છે.

નોટમાં ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવો અદાજ છે કે ૨૦૦૦ની નોટની સંખ્યા એટલા માટે પણ ઓછી થઈ રહી છે કે રિઝર્વ બેંકે આ નોટના પ્રવાહને ઘટાડી દીધો છે. સાથે સાથે લોકોને નોટબંધીની દહેશત પણ સતાવી રહી છે. હવે ગેરકાયદે નાણાં જમા કરનાર લોકો નાની નોટને પ્રાથમિકતા આપી રહ્યા છે. સંસદમાં એક પ્રશ્નના જવાબમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામને કહ્યુ છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષોમાં રકમ જપ્ત કરવાને લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેનાથી જાણવા મળ્યુ છે છે કે ૨૦૦૦ રૂપિયાની નોટ જપ્ત કરવામાં ઘટાડો થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ સંખ્યા ઘટીને ૬૭.૯ ટકાથી હવે ૪૩.૨ ટકા થઈ ગઈ છે.

સીએસબી બેંક લિમીટેડનો ઈસ્યુ ૨૨મીએ ખુલશે

પ્રાઇસ બેન્ડ ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરદીઠ ૧૯૩ થી ૧૯૫

સીએસબી બેંક લિમિટેડ (''બેંક'')એ ૨૨ નવેમ્બર, ૨૦૧૯નાં રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')ની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (''આઈપીઓ'') લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. બિડ/ઓફર ખુલવાની તારીખથી એક(૧) દિવસ અગાઉ એટલે કે ૨૧ નવેમ્બર, ૨૦૧૯નાં એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર કરી શકશે. આઈપીઓમાં રૂ. ૨૪૦ મિલિયન (''ફ્રેશ ઈશ્યૂ'') સુધીના નવા શેર અને વિક્રેતા શેરધારકો (''ઓફર ફોર સેલ'' અને ફ્રેશ ઈશ્યૂ સાથે સંયુક્તપણે ''ઓફર'' તરીકે ઓળખાય છે) દ્વારા ૧૯,૭૭૮,૨૯૮ ઈક્વિટી શેર સામેલ હશે. બિડ/ઓફર ૨૬ નવેમ્બર, ૨૦૧૯ના રોજ બંધ થશે. બિડ લઘુતમ ૭૫ ઈક્વિટી શેર માટે અને પછી ૭૫ ઈક્વિટી શેરના ગુણાકમાં થઈ શકશે.

ઓફરમાં પ્રાપ્ત થતા ચોખ્ખા ભંડોળનો ઉપયોગ બેંકની ભવિષ્યની મૂડી જરૂરિયાતો પૂર્ણ કરવા ટિઅર-૧ મૂડીનાં આધારને વધારવા માટે થશે, જે બેંકની મિલકતો, મુખ્યત્વે બેંકની લોન/એડવાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોમાં વૃદ્ધિ કરશે તેમજ બેઝલ ૩ અને આરબીઆઈની અન્ય માર્ગદર્શિકાઓનું પાલન કરશે એવી અપેક્ષા છે.

ભવ્ય મંદિરોના નિર્માણકર્તા સોમપુરા સમાજની યુવા પેઢી વિજ્ઞાન અને ટેક્નોલોજીના સુમેળ ઉપર ધ્યાન આપશે

પ્રાચિનકાળથી ભારત અને વિશ્વભરમાં ભવ્ય હિન્દુ મંદિરો અને જૈન દેરાસરોના શિલ્પ સ્થાપત્ય અને મહાલયોના નિર્માણકાર્યમાં અમૂલ્ય યોગદાન આપનાર સોમપુરા જ્ઞાતિએ પોતાની યુવા પેઢીને કામગીરી સંબંધિતસચોટ માર્ગદર્શન આપવા સોમપુરા સ્થાપત્ય ફાઉન્ડેશનના માધ્યમથી નિયમિત ધોરણે વિશેષ કાર્યક્રમો યોજવાની વિશેષ પહેલ કરી છે. આનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્યના યુવાન અને ઉભરતાં કલાકારો વચ્ચેભારતીય કળા, સંસ્કૃતિ અને પ્રાચિન સ્થાપત્યોના સાહિત્યોઅંગે જાગૃતિ અને સમજણનો પ્રસાર કરવાનો છે. સમાજના યુવાનો વચ્ચે ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવવા તથા નવીન કામગીરી અપનાવવા માટે તેમને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડવા ફાઉન્ડેશન ભારત અને વિદેશોના વિવિધ વિષયોના નિષ્ણાંતો, શિક્ષણવિદો, પ્રોફેશ્નલ્સ અને ટેમ્પલ પ્લાનર્સને આમંત્રિત કરીને વિશેષ સત્રોનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યું છે. આનાથી દેશના જૂના અને પ્રાચિન મંદિરો અને સ્થાપત્યોની વૈજ્ઞાનિકઢબે જાળવણી કરવામાં તથા ટેક્નોલોજી અને વિજ્ઞાનના સુમેળ સાથે નવા મંદિરોના નિર્માણ સુનિશ્ચિત કરવામાં મદદ મળી રહેશે. એક કાર્યક્રમમાં ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રાજેશભાઈ સોમપુરાએ જણાવ્યું કે, રાષ્ટ્રના સમૃદ્ધ પ્રાચિન વારસા, કલા અને કારીગરીની કાળજી રાખવી એ આપણી અને યુવા પેઢીની જવાબદારી છે.

સામાન્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીનગર શહેરની હોસ્પિટલમાં ઓપીડીમાં સપ્ટેમ્બર મહિનામાં ૬૦ લાખ ૬૭ હજાર જ્યારે ઓક્ટોબર મહિનામાં ૬૦ લાખ ૯૧ હજાર દર્દીઓની સારવાર થઈ છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને કોઈ વિસ્તારમાં આરોગ્ય સુવિધામાં કમી અંગે માહિતી મળે છે તો તેઓ સીધીરીતે અમિત શાહ સાથે વાત કરી શકે છે. ફરિયાદો થયા બાદ તરત કાર્યવાહી કરાશે. ગૃહમંત્રીની ખાતરી બાદ પીડીપી સાંસદે પણ અમિત શાહનો આભાર માન્યો હતો.